Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# આર.ટી.ઈ. ૨૦૦૯- એક બંધારણીય અધિકાર

કાજલબેન સી. કુકડીયા
રીસર્ચ સ્કોલર
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી. જુનાગઢ

ડૉ. એચ. એલ. બારડ
રીસર્ચ સુપરવાઈઝર,
એસો. પ્રોફેસર , આર્ટસ & કોમર્સ કોલેજ, માણાવદર

**પ્રસ્તાવના:**

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. તેના જન્મથી જ તે સમાજ સાથે સંકળાયેલો છે. બાળપણથી માંડીને ઉત્તરોત્તર વિકાસમાં સમાજ મોટો ભાગ ભજવે છે. વ્યક્તિ સમાજ ઉપર નિર્ભર છે પરંતુ સમાજનું  હિત વ્યક્તિના હિતથી પર નથી. સમાજ કોઇ વ્યક્તિનિરપેક્ષ નથી છેવટે તો તે વ્યક્તિઓનો જ બનેલો સમુદાય છે. આ વ્યક્તિ વિકાશશીલ રહે તે વ્યક્તિ અને સમાજ બંને માટે જરૂરી છે. વ્યક્તિના વિકાસ માટે સૌથી જરૂરી વ્યક્તિ સ્વાતંત્ર્ય છે. કોઈ પણ જાતના ભય અને દબાણ વગરના વાતાવરણમાં જ વ્યક્તિ પોતાનો વિકાસ સાધી શકે છે.

જે સમાજમાં વ્યક્તિને હક્ક નથી તે સમાજ વ્યક્તિઓને જરૂરી તક આપતો નથી એમ કહી શકાય. જે સમાજ વ્યક્તિના વિકાસની અગત્યતા સમજે છે તે સ્વાતંત્ર્યભર્યું વાતાવરણ ઉભું કરે છે. આવા સમજમાં મૂળભૂત સમાનતાનો સિદ્ધાંત પણ આપમેળે જ સ્વીકારવામાં આવે છે કેમ કે દરેક વ્યક્તિ વિશિષ્ટ અને અનન્ય વ્યક્તિત્વ ધરાવે છે. વ્યક્તિના સમાન અધિકારો માટે બંધારણમાં અનેક પ્રકારની જોગવાઈઓ કરવામાં આવી છે. બાળકોની

માનવીય ક્ષમતાઓના શારીરિક, માનસિક અને સર્વાંગીણ વિકાસ અર્થે જરૂરી શિક્ષણની તકો ઉભી કરવા ભારતીય બંધારણના ૮૬માં સુધારા મુજબ ૬ થી ૧૪ વર્ષની વય જૂથના તમામ બાળકો માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજીયાત બનાવવામાં આવ્યું છે. ગુણવતાસભર પ્રાથમિક શિક્ષણની માંગને પહોંચી વળવાની દિશામાં આ કાયદો એક સરાહનીય કદમ છે.

**શિક્ષણનું મહત્વ:**

શિક્ષણ કોઈપણ દેશની પ્રગતિ માટેનો આધારસ્તંભ છે. શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ બાળકના વ્યક્તિત્વની તમામ ક્ષમતાઓનો વિકાસ લાવવાનો છે. શિક્ષણ વગરનો માનવ પશુ સમાન છે. શિક્ષણ જીવનનો આધારસ્તંભ છે. શિક્ષણ જ માનવનો સર્વાંગી વિકાસ કરી તેને વિદ્વાન, ચારિત્ર્યવાન અને બુદ્ધિમાન બનાવે છે. કેળવણીનું મહત્વ સમજાવતા એરિસ્ટોટલ લખે છે- "નિર્જીવ મનુષ્ય કરતા જેમ જીવંત મનુષ્ય ચડિયાતો છે. કેળવણી યુવાશક્તિનું નિયમન કરે છે. વૃધ્ધિ માટેનું આશ્વાસન છે, ગરીબોની સંપત્તિ છે અને શ્રીમંતનું આભૂષણ છે." શિક્ષણ પ્રાપ્ત કરવાથી માનવ પોતાનો અને પોતાના પરિવારનો ઉત્કર્ષ કરી શકે છે. શિક્ષિત વ્યક્તિ દ્વારા સમજુ સમાજનું નિર્માણ થાય છે અને વ્યક્તિ સ્વાવલંબી અને આત્મનિર્ભર બને છે. કેળવણી દ્વારા વ્યક્તિ રોજગારી મેળવી પોતાની મૂળભૂત જરૂરિયાતો- અન્ન, આવાસ અને વસ્ત્રોની જરૂરિયાત સંતોષી શકે છે.

શિક્ષણનું મહત્વ સમજાવતા આલ્બર્ટ આઇન્સ્ટાઇને ખુબજ સરસ કહ્યું છે કે: “Education is not the learning of facts, but the training of the mind to think”. શિક્ષણ દ્વારા વ્યક્તિમાં સ્વતંત્ર વિચારશક્તિ, કલ્પનાશક્તિ અને નિર્ણયશક્તિનો સમુચિત વિકાસ થાય છે. વ્યક્તિમાં નિર્ભયતા આવે છે અને પોતાના અંતરાત્માના અવાજને સાંભળી તેને અભિવ્યક્ત કરવાની માનસિક શક્તિનો વિકાસ થાય છે. આજે આપણે જોઇ શકીએ છીએ કે જે દેશો શિક્ષિત છે તે જ વિકસિત છે. વ્યક્તિ શિક્ષિત હોય તો સારા-નરસાનો ભેદ પોતાની રીતે તર્કશક્તિ દ્વારા કરી શકે છે અને રાષ્ટ્રના વિકાસમાં પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે યોગદાન આપે છે. શિક્ષણ વ્યક્તિના

અંધકારમય જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ પાથરી વ્યક્તિને ઉડવાની પાંખો આપે છે તેથી જ તો કહેવાય છે કે, "પઢેગા ઇન્ડિયા તભી તો બઢેગા ઇન્ડિયા."

**બંધારણીય અધિકારો:**

આપણો ભારત દેશ ધર્મનિરપેક્ષ, પ્રજાસત્તાક અને સંસદીય પ્રણાલી ધરાવનાર દેશ છે. આપણા દેશમાં સંચાલન, દિશાનિર્દેશન તથા તમામ કાયદાઓનો સંગ્રહ કે જેને આપણે સર્વોચ્ચ કાયદો કહી શકીએ એ ભારતનું બંધારણ છે. દેશમાં બંધારણ મુજબ શાસન વ્યવસ્થા ચાલે છે. ભારતનું આ બંધારણ બંધારણસભામાં ૨૬ નવેમ્બર ૧૯૪૯ના દિવસે પસાર થયું હતું અને ૨૬ જાન્યુઆરી ૧૯૪૯ના દિવસે લાગુ કરવામાં આવ્યું હતું. આપણા આ જ સંવિધાને આપણને વિવિધ મૂળભૂત હકો આપ્યા છે જેને બંધારણીય માન્યતા હોવાથી એ સર્વોપરી છે અને દરેક ભારતીયને લાગુ પડે છે. આપણે સ્વતંત્ર પણે રહી શકીએ છીએ, દરેકને સમાન તક મળે છે, દરેક વ્યક્તિને પોતાની વાત રાખવાનો અધિકાર છે, કોઈ વ્યક્તિનું શોષણ થતું હોત તો તેની સામે પોતાનો અવાજ ઉઠાવવાનો અધિકાર વગેરે બાબતો આપણા બંધારણમાં આપણા મૂળભૂત અધિકાર તરીકે સમાવિષ્ટ છે. બંધારણના પ્રારંભે મૂળભૂત અધિકારોની સંખ્યા 7 હતી. હાલમાં 6 મૂળભૂત અધિકારો છે જે નીચે મુજબ છે:

૧. સમાનતાનો અધિકાર (અનુચ્છેદ ૧૪-૧૮)

૨. સ્વતંત્રતાનો અધિકાર (અનુચ્છેદ ૧૯-૨૨)

૩. શોષણ વિરોધી અધિકાર (અનુચ્છેદ ૨૩-૨૪)

૪. ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર (અનુચ્છેદ ૨૫-૨૮)

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

૫. સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો (અનુચ્છેદ ૨૯-૩૦)

૬. બંધારણીય ઇલાજનો અધિકાર (અનુચ્છેદ ૩૨)

આમ, મૂળભૂત અધિકારો રાજ્યની સત્તાને મર્યાદિત કરે છે. બંધારણ આપણને સ્વતંત્રતા, સમાનતા, શોષણ વિરુદ્ધનો અધિકાર, ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર, સંસ્કૃતિ અને શિક્ષા સંબંધી અધિકાર આપે છે.

**માનવ અધિકારો:**

માનવ અધિકારોનાં મૂળ નૈસર્ગિક કાયદામાં છે. નૈસર્ગિક કાયદો માણસના કેટલાક જન્મજાત કે નિસર્ગદત્ત અધિકારોને માન્ય રાખે છે. મનુષ્ય નિસર્ગનું ઉત્કૃષ્ટ સર્જન છે . કુદરતે જ માણસને કેટલાક અંતર્નિહિત અધિકારો બક્ષ્યા છે. તેથી માણસ આવા અધિકારો ભોગવે તે સાવ કુદરતી ગણાયું છે. મનુષ્યનું જીવન કુદરતની મહાન ભેટ છે તેથી તે જીવનનો આ અધિકાર ધરાવે છે. સાથે તે જીવનના અન્ય અંગભૂત તત્વો; જેવા કે વિકાસ, શિક્ષણ, આરોગ્ય, કલ્યાણ, સલામતી, સ્વાતંત્ર્યો, પર્યાવરણ; વગેરે પરત્વે પણ અધિકાર ધરાવે છે.

ભારતીય સંસ્કૃતિમાં તો માનવમૂલ્યો અને અધિકારોના જતનનો સંકલ્પ હજારો વર્ષો પહેલાથી જ જોવામાં આવે છે. રામાયણ અને મહાભારત જેવા યુદ્ધો માનવ મૂલ્યો અને અધિકારો માટે જ થયા હતા. પરંતુ સૌ પ્રથમ સમગ્ર વિશ્વમાં માનવ અધિકારોના ખ્યાલનો વિકાસ અને ઉદ્ભવ ૧૩મી સદીમાં ઇંગ્લેન્ડમાં બનાવાયેલ લેખિત દસ્તાવેજ "મેગ્નાકાર્ટા" ને ગણવામાં આવે છે. આ દસ્તાવેજમાં માનવીને કુદરતી અધિકરો પ્રાપ્ત થવા જોઈએ તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

માનવ અધિકાર એટલે માનવીનું હિત કે જે કાયદા દ્વારા સુરક્ષિત રાખવામાં આવેલું છે. દરેક માનવીને મૂળભૂત રીતે જન્મની સાથે જ કેટલાક અધિકારો પ્રાપ્ત થાય છે જે તેના શારીરિક, સામાજિક અને આર્થિક વિકાસ પૂરતા જ સીમિત નથી રહેતા પરંતુ વ્યક્તિના સ્વયંના અસ્તિત્વનો આધારસ્તંભ બની રહે છે. મુખ્યત્વે ખોરાક, વસ્ત્ર

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

અને રહેઠાળ કોઈ પણ જાતની અડચણ વગર મુક્ત રીતે ભોગવી શકે તેવા તમામ અધિકારોને માનવ અધિકરો ગણી શકાય. આમ, માનવ અધિકારની બાબતમાં તમામ માનવીઓ જન્મથી સમાન છે.

**આર.ટી.ઈ. અધિનિયમ-૨૦૦૯ ની વિશેષતાઓ:**

કેન્દ્ર સરકારે ૨૦૦૯ની સાલમાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણના અધિકરનો કાયદો અમલમાં મુક્યો જેને આર.ટી.ઈ. ૨૦૦૯ ના કાયદા તરીકે ઓળખવામાં આવે છે. આ કાયદાની વિશેષતાઓ નીચે મુજબ છે:

- આ કાયદામાં બાળકોના શિક્ષણ અને આરોગ્યને ધ્યાનમાં રાખીને શાળાકીય શૈક્ષણિક સવલતો અને ભૌતિક સુવિધાઓના ચોક્કસ માપદંડો નિર્ધારિત કર્યા છે. અને તે મુજબ વર્ગખંડ, પ્રયોગરૂમ, ચોખ્ખું પીવાનું પાણી, વીજળી, મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા, શિક્ષકોની લાયકાત અને નિમણૂકના ધોરણો, શાળાને આર્થિક સહાય રૂપે અપાતા અનુદાનની જોગવાઈઓ વગેરે નિર્ધારિત કરવામાં આવેલ છે.
- આ કાયદામાં ૬ થી ૧૪ વર્ષની ઉમર ધરાવતા દરેક બાળકને તેના રહેઠાણથી નજીકમાં હોય એવી શાળામાં પ્રવેશ આપવાની જોગવાઈ છે.  ઉંમરના આધાર પુરાવા રૂપે જન્મનું પ્રમાણપત્ર ના હોવાના કારણોસર કોઈને પ્રવેશ આપવાનો ઇન્કાર કરી શકાતો નથી.
- બાળક પ્રાથમિક શિક્ષણ પૂરું કરે ત્યાં સુધી એટલે કે ૧૪ વર્ષ પુરા થયા હોય તો પણ તેનું શિક્ષણ ચાલુ રાખીને તેને મફત શિક્ષણ પૂરું પાડવાની જોગવાઈ છે.
- પ્રવેશ આપતી વખતે બાળકની ઉંમર ૬ વર્ષની હોવી જરૂરી છે.
- શાળામાં કોઈ પણ જાતના ભેદભાવ વગર પ્રવેશ આપવાનો આદેશ છે.
- પ્રવેશ સમયે દાન સ્વરૂપે કે ડિપોઝીટ રૂપે કે અન્ય ફી પેટે પણ કોઈ રકમ લઇ શકાતી નથી.
- પ્રવેશ સમયે બાળક કે માતાપિતાનો ઇન્ટરવ્યૂ લઇ શકાશે નહિ.

- માતાપિતાની આવક અને શૈક્ષણિક લાયકાતના આધારે કે પ્રવેશ પરીક્ષા લઈને પ્રવેશ આપી શકાશે નહિ.
- બાળકને બદલી સિવાયના કારણોસર પ્રાથમિક શિક્ષણ પૂરું ન કરે ત્યાં સુધી શાળામાંથી હાંકી કાઢી શકાશે નહિ.
- ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ પામેલ SC/STના બાળકોની ફી ની ચુકવણી શરતોને આધીન જે તે શાળાને સરકાર ચૂકવી દેશે.
- આ કાયદાની જોગવાઇઓના પાલન અર્થે એક અલાયદું વ્યવસ્થાતંત્ર, ટ્રીબ્યુનલ કે રાજ્ય કાઉન્સિલ જેવી જોગવાઈ કરી છે. આ અધિનિયમના ભંગ બદલ શાળા સંચાલકોને દંડ તથા શાળાની માન્યતા પાછી ખેંચવા સુધીની જોગવાઈ કાયદામાં છે.

## આર.ટી.ઈ. અધિનિયમ-૨૦૦૯: એક બંધારણીય અધિકાર

શિક્ષણના અધિકાર અંગેની આંતરરાષ્ટ્રીય જોગવાઈઓ અને માનવ અધિકારોમાં બાળકોને મૂળભૂત જરૂરિયાત તરીકે શિક્ષણની જરૂરિયાત પણ મહત્વની માનવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણથી બાળકોને અર્થપૂર્ણ જીવન જીવવા માટે વિકાસ આધારિત તેની કાર્યક્ષમતાનું ઘડતર થઇ શકે તે માટે ખુબ જ પાયાની જરૂરિયાત છે. તેથી ભારતીય બંધારણમાં ૮૬ માં બંધારણીય સુધારા દ્વારા શિક્ષણનો મફત અને ફરજીયાત અધિકાર દાખલ કરીને ૨૧ – ક તરીકે મૂળભૂત અધિકારોમાં ઉમેરવામાં આવેલ છે. જે ૨૬ ઓગસ્ટ ૨૦૦૯ ના રોજ પ્રસિદ્ધ થયો. જેથી આર, ટી, ઇ . ૨૦૦૯ તરીકે ઓળખાય છે. આ અધિનિયમનું અમલીકરણ કરવા ૧ લી અપ્રિલ ૨૦૧૦ થી કરવામાં આવેલ છે. એક સ્વસ્થ સમાજના નિર્માણ માટે મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણનો આ અધિનિયમ ઐતિહાસિક સુધારો છે. સ્વતંત્ર ભારતના બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ ૪૫ મુજબ આપણે એ પ્રકારના પ્રયાસો કરવાના હતા જેથી ૬ થી ૧૪ વર્ષણી વયજૂથના તમામ બાળકોને મફત પ્રાથમિક શિક્ષણ મળી રહે. વર્ષ ૧૯૮૬ની નવી શિક્ષણનીતિ અને ત્યારબાદ જીલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (DPEP) જેવી મહત્વકાંક્ષી યોજનાઓએ આપણા સૌના પ્રયાસોને

વેગ આપવામાં મદદ કરી .જુદી જુદી યોજનાઓની સફળતા બાદ સમગ્ર દેશમાં ૨૦૦૧થી સર્વ શિક્ષા અભિયાન મિશન અમલમાં આવ્યું. અગાઉની યોજનાઓ કેટલાંક મર્યાદિત વિસ્તારો સુંધી સીમિત હતી જયારે સર્વ શિક્ષા અભિયાનનો અમલ દેશ વ્યાપી અને સાર્વત્રિક રીતે થવાથી વધુ ઝડપી અને અસરકારક રીતે કાર્ય કરી શકાયું. આ યોજનાઓ અને કાર્યક્રમોના અમલ દરમિયાન એવું લાગ્યું કે પ્રાથમિક શિક્ષણને બાળકોનો મૂળભૂત અધિકાર ગણવામાં આવે તો રાજ્ય સરકારથી શાળા અને સમુદાય સ્તરની તમામ સરકારી સંસ્થાઓ ઉપરાંત નાગરિક સમાજની સ્થાપનાઓ પણ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકકરણ માટે વધુ સક્રિય બનાવી શકાય.

આમ બાળકના પ્રાથમિક શિક્ષણ માટે સામુહિક પ્રયાસ થાય અને જે તે કક્ષાએ જવાબદારી પણ સુનિશ્ચિત થાય એ માટે બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯ સંસદ દ્વારા બનાવ્યો. આ કાયદો એટલે કે RTE (રાઈટ ટુ એજ્યુકેશન) ૨૦૦૯ અથવા "શિક્ષણના અધિકાર તરીકે ઓળખવામાં આવે છે. શિક્ષણના અધિકાર કાયદા અંતર્ગત પ્રાથમિક શિક્ષણ માટે કેટલીક મહત્વણી જોગવાઈઓ કરવામાં આવી છે જેથી આ એક બંધારણીય કાયદો છે.

**આર.ટી.ઈ. અધિનિયમ-૨૦૦૯ના ફાયદા:**

આર.ટી.ઈ. અધિનિયમ-૨૦૦૯ ની વિભિન્ન જોગવાઇઓનું પ્રાથમિક શિક્ષણમાં ખુબજ મહત્વ રહેલું છે. બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ અધિનિયમનો પુરેપુરો લાભ મળી રહે તે માટે સરકારથી લઇ માતાપિતા તેમજ શાળા દ્વારા પૂર્ણ નિષ્ઠાથી વિભિન્ન જોગવાઇઓનું અસરકારક રીતે અમલીકરણ કરવામાં આવે તો ગુજરાતના પ્રાથમિક શિક્ષણમાં આમૂલ પરિવર્તન આવી શકે તેમ છે. આર.ટી.ઈ -૨૦૦૯ ના કેટલાક મહત્વના ફાયદાઓ નીચે મુજબ છે:

- બાળકોને પ્રાથમિક શિક્ષણનો હક્ક પ્રાપ્ત થશે.
- બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટેની પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

- જે બાળકો પ્રાથમિક શિક્ષણથી વંચિત રહી ગયા હોય તેવા બાળકો માટે ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.
- જો કોઈ આ નિયમોનું ઉલ્લંઘન કરે તો તે શિક્ષાને પાત્ર બને છે.
- શાળા વ્યવસ્થાપન સમિતિની રચના દ્વારા શાળાના વહીવટી સંચાલનમાં વાલીઓ અને સ્થાનિક સત્તાતંત્રની ભાગીદારી વધી રહી છે.
- વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર દરેક શાળામાં જળવાય એ નિશ્ચિત કરવામાં આવ્યું છે.
- શિક્ષકોના ખાનગી ટ્યુશન પર પ્રતિબંધ મુકવામા આવતા શાળાના બાળકોને પૂરતો ન્યાય મળી શકે છે.
- આમ, આર.ટી.ઈ. અધિનિયમ-૨૦૦૯ પ્રાથમિક શિક્ષણમાં ખુબજ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

**આર.ટી.ઈ. અધિનિયમ-૨૦૦૯ ની મર્યાદાઓ:**

આર.ટી.ઈ. અધિનિયમ-૨૦૦૯ ના ઘણા બધા ફાયદાઓની સાથે તેની અમુક મર્યાદાઓ પણ છે જે નીચેના મુદ્દાઓ પરથી સ્પષ્ટ થશે:

- સામાન્ય લોકોમાં અને કેટલેક અંશે શાળાઓ અને શિક્ષકોમાં આ અધિનિયમ અને તેની જોગવાઈઓ અંગેની સભાનતાનો અભાવ જોવા મળે છે.
- અધિનિયમની જોગવાઇયોંથી અજાણ માતાપિતા પોતાના બાળકોને આ કાયદા હેઠળના લાભ અપાવતા નથી.
- સમાજમાં આ અધિનિયમની જોગવાઈઓ અને તેના ફાયદાઓની સમાજ સામાન્ય લોકો સુધી પહોંચે તે માટેની પૂરતી વ્યવસ્થાનો અભાવ.

**ઉપસંહાર:**

આર.ટી.ઈ. અધિનિયમ-૨૦૦૯ પ્રાથમિક શિક્ષણ અને માટે અને બાળકોના સર્વાંગી વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ અને ફરજીયાત પણ છે. પરંતુ જ્યાં સુધી દરેક વ્યક્તિ આ વાત નહિ સમજે ત્યાં સુધી તેનો અસરકારક અને ૧૦૦% અમલ કરવો ખુબજ અઘરો છે. આજે આપણે જોઈએ તો મધ્યમ વર્ગ કે ગરીબ વર્ગ કે જેમના બાળકો મોટેભાગે સરકારી શાળાઓમાં અભ્યાસ કરે છે અને આર.ટી.ઈ નો સૌથી વધુ લાભ જે વર્ગને મળવાનો છે તે વર્ગના લોકોમાં હજુ આ અધિનિયમ બાબતે પૂરતી સભાનતાનો અભવ જોવા મળે છે. જેથી આર.ટી.ઈ અધિનિયમ-૨૦૦૯ની અસરકારકતા અને તેની સભાનતા અંગેનો અંદાજ મેળવી તે અંગે યોગ્ય પગલાં લેવા અત્યંત આવશ્યક છે.

**સંદર્ભ યાદી:**

૧) શિક્ષક તાલીમ મોડ્યુલ- સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર.

૨) બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯- યુનિસેફ.

3) બાળશિક્ષા નિર્મૂલન અને સમાજ ઘડતર મોડ્યુલ- જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર.